GUJARATI

FECCA
Federation of Ethnic Communities' Councils of Australia

# માઇગ્રન્ટ સમુદાયના લોકો અને નિરાશ્રીતો માટે એજ્ડ કેર સેવામાં જરૂરી સુધારા વિષે તમારા શું વિચારો છે?

## એજ્ડ કેર સેવાની ગુણવત્તા અને સુરક્ષા પર ચાલી રહેલી રોયલ કમિશન તપાસ (Royal Commission into Aged Care Quality and Safety) આપના વિચારો જાણવા માંગે છે.



ઓસ્ટ્રેલિયાના આરોગ્ય મંત્રાલય નિધિક યોજના



## 1. એજ્ડ કેર સેવા પર ચાલી રહેલી રોયલ કમિશન તપાસ શું છે?

- ઓક્ટોબર ૨૦૧૮માં ઓસ્ટ્રેલિયાની કેન્દ્ર સરકારે રોયલ કમિશનની નિમણુક કરી. આ સમિતિ વિવિધ સંસ્થાઓ દ્વારા પરવશ વૃધ્ધોને પ્રદાન થતી સેવા (જેને એજ્ડ કેર કહેવાય છે)ની તપાસ કરી રહી છે. રોયલ કમિશન સરકારથી સ્વતંત્ર છે.
- શું મુશ્કેલીઓ પડે છે, કઈ સેવાઓ યોગ્ય રીતે કામ કરી રહી છે અને ભવિષ્યમાં કેવા ફેરફારની જરૂર છે તે તમામ મુદ્દા પર રોયલ કમિશનને શક્ય તેટલી માહિતી મળે તે આવશ્યક છે.
- લોકોએ રોયલ કમિશનને જણાવેલા પ્રશ્નો પર ઓક્ટોબર ૨૦૧૯માં સમિતિએ વચગાળાનો અહેવાલ પ્રકાશિત કર્યો છે.
- હવે તેઓ લોકો પાસેથી સેવામાં જરૂરી સુધારા વિશેના સૂચનો સાંભળવા માંગે છે. તમારી પાસે કોઈ યોજના કે ફેરફારનો વિચાર હોય તો **30 જૂન ૨૦૨૦** પહેલા જણાવો.
- રોયલ કમિશન ત્યારબાદ કેન્દ્ર સરકારને અંતિમ અહેવાલ નવેમ્બર ૨૦૨૦માં સુપ્રત કરશે. એજ્ડ કેર સેવાઓ સૌ માટે બહેતર બનાવવાની ભલામણો આ અહેવાલમાં આવરી લેવાશે.
- રોયલ કમિશન વિષે 30 ભાષામાં વધુ માહિતી માટે https://agedcare.royalcommission.gov.au/about/Pages/other-languages.aspx ની મુલકાત લો.

## 2. એજ્ડ કેર વિશેના મારા વિચારો રોયલ કમિશનને જણાવવા શા માટે મહત્વપૂર્ણ છે?

- અંગ્રેજી નહિ જાણતા માઇગ્રન્ટ સમુદાયના લોકો અને નિરાશ્રીતો માટે એજ્ડ કેર સેવા શોધવી અને વાપરવી ખુબ મુશ્કેલ છે એ વાત રોયલ કમિશન સમક્ષ રજૂ થઇ ચુકી છે.
- સમિતિને એમ પણ સાંભળવા મળ્યું છે કે કેટલીક સંસ્થાઓ સાંસ્કૃતિક અને ધાર્મિક જરૂરિયાતો વિષે જાણતી કે સમજતી નથી એમ અમુક લોકોનું માનવું છે.
- માઇગ્રન્ટ સમુદાયના કુટુંબો, નિરાશ્રીતો અને તેમના મિત્રો પાસેથી હવે રોયલ કમિશન જાણવા માંગે છે કે ભવિષ્યની એજ્ડ કેર સેવાઓ તેમને માટે કેવી રીતે સુધારી શકાય.
- રોયલ કમિશન સમજે છે કે જે લોકો સારી રીતે અંગ્રેજી બોલી નથી શકતા તેમને તેમના વિચારો રજૂ કરવામાં ઘણી મુશ્કેલી પડે છે.
- રોયલ કમિશન દુભાષિયા અથવા અનુવાદક સેવા ઉપલબ્ધ કરાવી આપશે જેથી સૌ પોતાની ભાષામાં પોતાની વાત રજૂ કરી શકે.
- આ મોકો છે તમારા વિચારો રજૂ કરવાનો. જેટલા વધુ લોકો આગળ આવી તેમના વિચારો રજૂ કરશે તેટલી એજ્ડ કેર સેવાઓ સુધારી શકાશે.



## 3. એજ્ડ કેર સેવા સુધારવા વિશેના મારા વિચારો હું રોયલ કમિશનને કેવી રીતે જણાવી શકું?

- તમારા વિચારો અંગ્રેજીમાં કે તમારી પોતાની ભાષામાં ફોન પર બોલીને કે લખીને, ઓડિયો કે વિડિયો રેકૉર્ડિંગ દ્વારા મોકલાવી શકો છો.
- તમારૂં નામ, સરનામું કે ફોન નંબર આપવા અનિવાર્ય નથી. માત્ર તમે કઈ ભાષામાં માહિતી મોકલી રહ્યા છે તે જણાવો અને જો તમે નામ-સરનામું જણાવો તો તેને જાહેર કરવા કે ગુપ્ત રાખવા ઈચ્છો છો તે જણાવો.
- તમે કોઈ કુટુંબી કે મિત્રની મદદ લઇ શકો છો. તમારી વાત તેમને જણાવો અને તેઓ તમારા તરફથી રોયલ કમિશનનો સંપર્ક કરી શકે છે.

- 1800 960 711 પર ફોન કરી શકો છો.
- દુભાષિયાની જરૂર પડે તો તેની વ્યવસ્થા કરવામાં આવશે.
- દુભાષિયા તમારી વાત અંગ્રેજીમાં નોંધી લેશે, **આ નિશુલ્ક સેવા છે.**
- ત્યારબાદ દુભાષિયા તમારો સંપર્ક કરી ખાતરી કરશે કે નોંધેલી વાત તમારા જણાવ્યા અનુસાર છે કે નહિ.

- પત્ર લખીને કે ઈમેલ પર તમારી વાત લખીને મોકલાવો.
- ટૂંકી અને સરળ માહિતી મોકલાવી શકો છો.
- તમારી પોતાની ભાષામાં લખીને મોક્લાવી શકો છો.
- અનુવાદક તમારી વાત અંગ્રેજીમાં રજૂ કરશે. **આ નિશુલ્ક સેવા છે.**
- ટપાલ દ્વારા તમારો પત્ર મોકલાવો
  - ટપાલ દ્વારા તમારો પત્ર મોકલાવો
    Royal Commission, GPO Box 1151, Adelaide, South Australia, 5001
  - ઈમેલ કરો
    ACRCenquiries@royalcommission.gov.au
- તમારી વાતની પહોંચ તમને તમારી ભાષામાં મોકલવામાં આવશે.

- અન્ય કોઈ પાસે તમારા વિચારોનું ઓડિયો કે વિડિયો રેકૉર્ડિંગ કરાવી શકો છો.
- ૨૫MB થી લાંબુ રેકૉર્ડિંગ કરવું નહિ, લાંબી વાતને નાના ભાગમાં વહેંચીને મોકલાવવી.
- અનુવાદક તમારી વાત અંગ્રેજીમાં રજૂ કરશે. **આ નિશુલ્ક સેવા છે.**
- ઈમેલ દ્વારા રેકૉર્ડિંગ મોકલાવવા:
  - ઈમેલ કરો
    ACRCenquiries@royalcommission.gov.au
  - ટપાલ દ્વારા રેકૉર્ડિંગ મોકલાવવા:
    Royal Commission, GPO Box 1151, Adelaide, South Australia, 5001
- તમારા રેકૉર્ડિંગની પહોંચ તમને તમારી ભાષામાં મોકલવામાં આવશે.



કેટલાક લોકોના વિચારો રોયલ કમિશનની વેબસાઈટ પર મુકવામાં આવશે.

- તમારા વિચારો વેબસાઈટ પર મૂકી શકે કે નહિ તે જણાવો
- તમારા વિચારો તમારું **નામ જણાવ્યા વિના** વેબસાઈટ પર મુકવાની રજા આપી શકો છો.

**યાદ રાખો!**

તમારા વિચારો **30 જૂન** ૨૦૨૦ પહેલા રોયલ કમિશન સુધી પહોંચાડવા મહત્વપૂર્ણ છે.

તમામ ઓસ્ટ્રેલિયનો માટે એજ્ડ કેર સેવામાં સુધારા લાવવામાં મદદ કરવા બદલ આપનો આભાર.

FECCA

FECCA National Office
Unit 1, 4 Phipps Close
DEAKIN ACT 2605

PO Box 344
CURTIN ACT 2605

T +61 02 6282 5755
E admin@fecca.org.au

**www.fecca.org.au**